Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

**IMPACT FACTOR:3.021**

**PP:168to181**

# આદિવાસી સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ

**ડૉ.ધર્મિષ્ઠા પી. કરડાણી**

Visiting lecturer
H.k arts and com.college &S.L.U arts college.Ahmedabad
dharmistha4987@gmail.com

---

**સારાંશ**

સ્વતંત્રતા પછી ભારતીય સમાજ ઝડપથી સર્વાંગી વિકાસ તરફ કટિબદ્ધ બન્યો છે. ભારતીય બંધારણમાં સ્ત્રી-પુરુષ સમાનતાના આદેશોની સ્વીકૃતિ, પછાત સમૂહો માટે વિશેષ સવલતો વગેરે પરિવર્તનની પ્રક્રિયા એ પછાત સમુદાયોમાં પરિવર્તન આવ્યું છે છતાં પણ ઘણા છેવાડાના વિસ્તારોમાં ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા આદિવાસી સમુદાયોમાં આ પરિવર્તનની ઘેરી કોઈ અસર થયેલ જોવા મળતી નથી. તેમાંય પછાત સમુદાયોમાં આદિવાસી સ્ત્રીઓનું પરંપરાગત સમયથી તેઓનું સ્થાન નિમ્ન રહ્યું છે. જેઓમાં શિક્ષણનો અભાવ તેમજ સમૂહ માધ્યમોની તેઓને સવલતો ન મળી શકવાના પરિણામે તેઓનો દરજ્જો નિમ્ન રહ્યો છે. તેમજ સશક્તિકરણનો અભાવ જોવા મળે છે. આદિવાસી સમુદાયોની સ્ત્રીઓને જેના પરિણામે અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે જેમાં આદિવાસી સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ એ વિકટ પ્રશ્ન છે જે તેઓના વિકાસમાં અવરોધ ઉભો કરે છે.

**ચાવીરૂપ શબ્દો** : શિક્ષણ, સશક્તિકરણ, સામાજિક સમસ્યા, સમુદાય, પછાત વર્ગો, આદિવાસી

**પ્રસ્તાવના :**

ભારતીય સમાજમાં પરંપરાથી સામાજીકરણના મુખ્ય એજન્ટ તરીકે કુટુંબમાં સ્ત્રીઓની ભૂમિકા અગ્રગણ્ય રહી છે અને ભારતીય સમાજ પણ વર્તમાન સમયમાં સ્ત્રી-પુરુષ સમાનતાને સ્વીકારી રહ્યું છે ત્યારે ઘણા પછાત સમુદાયોમાં ગ્રામીણ વિસ્તારોમાં છેવાડાના ભાગોમાં વસવાટ કરતા આદિવાસી સ્ત્રીઓમાં અનેકવિધ સમસ્યાઓ જોવા મળે છે. ત્યાં હજુય પરંપરાગત સમયથી ચાલી આવતો સ્ત્રીઓનો નિમ્ન દરજ્જો જણાય છે જે પાછળ અનેકવિધ શૈક્ષણિક સમસ્યાઓ જવાબદાર છે. જે દર્શાવતો આ અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે અને જે ચાર વિભાગોમાં વિભાજીત થયેલો છે.

**અભ્યાસના હેતુઓ :**

- આદિવાસી સમુદાયમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ તથા સાક્ષરતા દરને તપાસવું.
- આદિવાસી સમુદાયમાં સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી અને તેઓની સમસ્યાઓનું નિરાકરણ તપાસવું.

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી આધારિત છે. જેમાં સમગ્ર અભ્યાસને મુખ્યત્વે ચાર વિભાગમાં રજૂ કર્યો છે.

પહેલા વિભાગમાં આદિવાસીઓનો અર્થ, વ્યાખ્યા, પરિચય વગેરે બાબતોનો ઉલ્લેખ છે.

બીજા વિભાગમાં ગુજરાતમાં જિલ્લાવાર આદિવાસીઓની વસ્તી અને શિક્ષણના પ્રમાણની ચર્ચા કરવામાં આવી છે.

ત્રીજા વિભાગમાં આદિવાસી સમુદાયની સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓને તપાસવામાં આવી છે.

ચોથા વિભાગમાં અભ્યાસના તારણો અને સૂચનોને દર્શાવ્યા છે.

**અભ્યાસમાં સમાવિષ્ટ વિભાવનાઓ :**

**શિક્ષણ** : શિક્ષણ એ એવી પ્રક્રિયા છે જે દ્વારા સંસ્કૃતિની પરંપરાઓ, રીત-રિવાજો, સંસ્થાઓનો સામાજિક વારસો અને નવું જ્ઞાન તેમજ પદ્ધતિઓ એક વ્યક્તિ યા સમૂહની બીજી વ્યક્તિ યા સમૂહ સુધી પહોંચાડવામાં આવે છે.

**સશક્તિકરણ** : સ્ત્રીઓમાં એવા પ્રકારની સત્તા અને શક્તિ હોવી જેમાં તે પોતાના જીવન નિર્વાહ પોતાની ઈચ્છા અનુસાર રહેવા માટે સક્ષમ અને સ્વતંત્ર હોય.

**સામાજિક સમસ્યા** :

સામાજિક સમસ્યા એટલે એવી પરિસ્થિતિ છે કે જે અમુક સામાજિક મૂલ્યોનો ભંગ અથવા અમુક સામાજિક મૂલ્યો માટે ધમકીરૂપ મનાય છે અને સમુચિત સામૂહિક પગલા દ્વારા તેમાં સુધારણા અને તેનું નિરાકરણ શક્ય મનાય છે.

**સમુદાય** : સમુદાય એક સામાજિક સમૂહ છે કે જેમાં અમુક અંશે વયભાવના જોવા મળે છે અને તે વિશેષ ક્ષેત્રમાં રહે છે.

**પછાત વર્ગો** : પછાત વર્ગોમાં વ્યક્તિઓની વિશાળ સંમિશ્ર શ્રેણીઓનો સમાવેશ થાય છે. જેમાં તેઓ આશરે સમગ્ર દેશની વસ્તીના ત્રીજા ભાગની વસ્તી ધરાવે છે.

પછાતવર્ગોમાં

(1) અનુસૂચિત જાતિઓ

(2) અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ)

(3) અન્ય પછાત વર્ગ

**આદિવાસી** : આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતું અંતવિવાહી સામાજિક જૂથ છે. તેમાં કાર્યોના વિશેષીકરણનો અભાવ હોય છે તેને પોતાની વિકસાવેલી શાસન વ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. અન્ય આદિવાસી કે જ્ઞાતિથી તેઓ સામાજિક અંતર ધરાવે છે.

ભારતની વસ્તીના આશરે 8 ટકા જેટલું પ્રમાણ અનુસૂચિત જનજાતિઓનું જોવા મળે છે તેમને ભારતના સમાજના મૂળવતની મૂળ લોકોના અંશરૂપ માનવામાં આવે છે તથા તેમને ગીરિજનો, જનજાતિઓ તથા આદિવાસીઓ એવા નામે ઓળખવામાં આવે છે.

આદિવાસીઓને પ્રાચીનકાળમાં નિષાદ, રાનીપરજ, કાળીપરજ, દસ્યું જેવા નામોથી ઓળખવામાં આવતા હતાં. આદિવાસીઓ માટે પછાત જાતિ શબ્દ પણ વાપરવામાં આવે છે જેનો અર્થ વિશ્વકોશમાં પ્રાગરાજ્ય સમાજ, પ્રાગશિક્ષિત સમાજ, લોકસમાજ, સાદો સમાજ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં 1972માં આદિવાસી વિકાસ વિભાગની રચના આદિજાતિઓ માટેની વિકાસ કાર્યવાહીને અસરકારક અમલ માટે કરવામાં આવી જે 1976માં આદિજાતિ વિકાસ કમિશનર કચેરીની સ્થાપના કરવામાં આવી. 1984માં આદિજાતિ વિકાસ અંગેનો સ્વતંત્ર વિભાગ અસ્તિત્વમાં આવ્યો છે. અમદાવાદમાં સન્ 1962માં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સ્થાપના થઈ જે સંસ્થા હાલમાં પણ ગુજરાત વિદ્યાપીઠ મુકામે કાર્યરત છે. જે રાજ્યના આદિજાતિ સમુદાયો સંબંધિત સંશોધનો હાથ ધરે છે.

ગુજરાતમાં 2011ની વસ્તીગણતરી મુજબ ગુજરાતમાં કુલ 60439692 વસ્તી છે જેમાં આદિવાસીઓની વસ્તી 8917174 છે. જે કુલ વસ્તીના 14.75 ટકા છે. હાલમાં ગુજરાત રાજ્યમાં 29 આદિજાતિઓ વસે છે જેમાં પાંચ ગુજરાતના આદિમ જૂથોમાં કાથોડી, કોલઘા, કોટવાળિયા, પઢાર, સીદી, સમુદાયોનો સમાવેશ થાય છે.

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આદિવાસીઓનું પ્રમાણ અંગે વસ્તી-વિશ્લેષણ અંગે સમજ મેળવતા...

**આદિવાસીઓની જિલ્લાદીઠ વસતિ, 2011**

| અનુ.નં. | જિલ્લાનું નામ | કુલ વસતિ | અનુસૂચિત જનજાતિની વસતિ | કુલ વસ્તીના આધારે ટકા |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | 72,14,225 | 89,138 | 1.24 |
| 2 | અમરેલી | 15,14,190 | 7,322 | 0.48 |
| 3 | આણંદ | 20,92,745 | 24,824 | 1.19 |
| 4 | બનાસકાંઠા | 3120506 | 284155 | 9.10 |
| 5 | ભરૂચ | 1551019 | 488194 | 31.48 |
| 6 | ભાવનગર | 2880365 | 9110 | 0.32 |
| 7 | દાહોદ | 2127086 | 1580850 | 74.18 |
| 8 | ગાંધીનગર | 1391753 | 18204 | 1.31 |
| 9 | જામનગર | 2160119 | 24187 | 1.12 |
| 10 | જૂનાગઢ | 2743082 | 55571 | 2.03 |

| | | | | |
|---|---|---|---|---|
| 11 | કચ્છ | 2092371 | 24228 | 1.16 |
| 12 | ખેડા | 2299885 | 40336 | 1.75 |
| 13 | મહેસાણા | 2035064 | 9392 | 0.46 |
| 14 | નર્મદા | 590297 | 481392 | 81.55 |
| 15 | નવસારી | 1329672 | 639659 | 48.11 |
| 16 | પંચમહાલ | 2390776 | 721604 | 30.18 |
| 17 | પાટણ | 1343734 | 13303 | 0.99 |
| 18 | પોરબંદર | 585449 | 13039 | 2.23 |
| 19 | રાજકોટ | 3804558 | 24017 | 0.63 |
| 20 | સાબરકાંઠા | 2428589 | 542156 | 22.32 |
| 21 | સુરત | 6081322 | 856952 | 14.09 |
| 22 | સુરેન્દ્રનગર | 1756268 | 21453 | 1.22 |
| 23 | તાપી | 807022 | 679320 | 84.18 |
| 24 | ડાંગ | 228291 | 216073 | 94.65 |
| 25 | વડોદરા | 4165626 | 1149901 | 27.60 |
| 26 | વલસાડ | 1705678 | 902794 | 52.00 |
| | ગુજરાત રાજ્ય | 6,04,39,692 | 89,17,174 | 14.75 |

સ્ત્રોત : https://trti.gurat.gov.in

ઉપર્યુક્ત ટેબલ પરથી જોતા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આદિવાસીઓ છૂટાછવાયા પથરાયેલા જોવા મળે છે જે ગુજરાતની કુલ વસ્તીના 14.75 ટકા છે. જેમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો દાહોદ છે. જેમાં 15,80,850 લાખ વસ્તી આદિવાસીઓની છે. જે તે જિલ્લાની કુલ વસ્તીમાં આદિવાસી વસ્તી પ્રમાણની દૃષ્ટિએ જોઈએ તો ડાંગ જિલ્લામાં 2,28,291 કુલ વસ્તીમાં 2,16,073 વસ્તી આદિવાસીઓની છે. એટલે કે 94.65 ટકા વસ્તી આદિવાસીઓની છે. અર્થાત્ ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો કહી શકાય. ત્યારબાદ ક્રમશ જોઈએ તો 84.18 ટકા તાપી જિલ્લામાં, 81.85 ટકા નર્મદા જિલ્લામાં, 74.32 ટકા દાહોદ જિલ્લામાં, 52.93 ટકા

વલસાડ જિલ્લામાં, 48.11 ટકા નવસારી જિલ્લામાં, 31.48 ટકા ભરૂચ જિલ્લામાં, 30.18 ટકા પંચમહાલ જિલ્લામાં, 27.60 ટકા વડોદરા જિલ્લામાં, 22.32 ટકા સાબરકાંઠા જિલ્લામાં, 14.09 ટકા સુરત જિલ્લામાં, 9.10 ટકા બનાસકાંઠામાં આદિવાસીઓની વસ્તી જોવા મળે છે. જ્યારે સૌથી ઓછી વસ્તી અમરેલી જિલ્લામાં જોવા મળે છે જેની વસ્તી 7,322 છે.

એટલે કે ગુજરાતમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં ડાંગ, નર્મદા, તાપી, દાહોદ વગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. અડધા ભાગથી ઓછા આદિવાસી વિસ્તારોમાં પંચમહાલ, નવસારી, સાબરકાંઠા, વડોદરા, ભરૂચ બનાસકાંઠા વગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. જ્યારે આદિવાસી ઓછી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં ભાવનગર, મહેસાણા, અમરેલી, રાજકોટ, પાટણ, સુરેન્દ્રનગર, કચ્છ, આણંદ અને ગાંધીનગર વગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં આદિવાસીઓની અલગ અલગ બોલીઓ છે. તેના આધારે તેઓની ઓળખ બની છે અને તેઓને જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. જેમ કે બરડા, બાપવા, ભરવાડ, ભીલ, ચારણ, ચૌધરી, ચોધરા, ધાનકા, ધોડીયા... વગેરે અંદાજીત 29 જેટલા સમુદાયોમાં તે વહેંચાયેલા જોવા મળે છે. તેઓમાં વર્ષ 2011 મુજબ કેટલી વસ્તી જોવા મળે છે તથા તેઓના સમાજમાં સ્ત્રી-પુરુષ સાક્ષરતા દર કયા પ્રકારે છે જે વિશેની માહિતી મેળવતા...

**અનુસૂચિત જનજાતિ દીઠ અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિઓની સંખ્યા-2011**

| અનુ. નં. | જનજાતિ | અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વસતિ | અક્ષરજ્ઞાન ધરાવતા પુરુષો | અક્ષરજ્ઞાન ધરાવતી સ્ત્રીઓ | પુરુષના પ્રમાણમાં આદિવાસી સ્ત્રીઓઓમાં કુલ સાક્ષરતા દર |
|---|---|---|---|---|---|
| 1 | બરડા | 468 | 290 | 178 | 61.38 |
| 2 | બાવચા | 2380 | 1407 | 973 | 69.15 |
| 3 | ભરવાડ | 465 | 299 | 166 | 55.52 |
| 4 | ભીલ | 1225098 | 799120 | 425978 | 53.31 |
| 5 | ચારણ | 609 | 399 | 210 | 52.63 |
| 6 | ચૌધરી | 155008 | 88537 | 66471 | 75.08 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 7 | ચૌધરા | 3594 | 2077 | 1517 | 73.04 |
| 8 | ધાણકા | 112958 | 73733 | 39225 | 53.20 |
| 9 | ધોડિયા | 394987 | 222283 | 172704 | 77.70 |
| 10 | હળપતિ | 243252 | 145361 | 97891 | 67.34 |
| 11 | ગામિત | 161680 | 93800 | 67880 | 72.37 |
| 12 | ગોંડ | 902 | 554 | 348 | 62.82 |
| 13 | કાથોડી | 1114 | 719 | 395 | 54.94 |
| 14 | કોંકણા | 141627 | 86385 | 55242 | 63.95 |
| 15 | કોળી | 19386 | 14907 | 4479 | 30.05 |
| 16 | કોળીઢોર | 15533 | 9653 | 5880 | 60.91 |
| 17 | કુણબી | 22212 | 13145 | 9067 | 68.98 |
| 18 | નાયકડા | 115074 | 74964 | 40110 | 53.51 |
| 19 | પઢાર | 5565 | 3947 | 1618 | 40.99 |
| 20 | પારાધી | 2205 | 1502 | 703 | 46.08 |
| 21 | પારધી | 1307 | 806 | 501 | 62.16 |
| 22 | પટેલિયા | 57036 | 36523 | 20513 | 56.16 |
| 23 | પોમલા | 389 | 234 | 155 | 66.24 |
| 24 | રબારી | 4733 | 2996 | 1737 | 57.98 |
| 25 | રાઠવા | 160831 | 112103 | 48728 | 43.47 |
| 26 | સીદી | 4242 | 2583 | 1659 | 64.23 |
| 27 | વાઘરી | 3367 | 2358 | 1009 | 42.79 |
| 28 | વારલી | 64710 | 42068 | 22642 | 53.82 |
| 29 | વિટોલિયા | 6796 | 3882 | 2914 | 75.06 |
| 30 | અન્ય જનજાતિઓ | 16370 | 10459 | 5911 | 56.52 |
| | તમામ અનુસૂચિત જનજાતિઓ | 2943898 | 1847094 | 1096804 | 59.38 |

સ્ત્રોત : https://trti.gujarat.gov.in

આગળના કોષ્ટકમાં આપણે જોઈ ગયા તેમ ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોતા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વિવિધ 29 આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. જેઓમાં સ્ત્રી-પુરુષ સાક્ષરતા દર આદિવાસીઓમાં જોઈએ તો સૌથી મહત્તમ સાક્ષરતા સ્ત્રીઓમાં ધોડિયા આદિવાસી સમુદાયમાં છે જેમાં 2,22,283 ધોડિયા સમુદાયના પુરુષના પ્રમાણમાં 1,72,704 ધોડિયા સ્ત્રી સાક્ષર છે. તેવી જ રીતે વિટોલિયા આદિવાસી સમુદાયની સ્ત્રીઓમાં પણ મહત્તમ 75.06 ટકા સ્ત્રીઓ સાક્ષર જોવા મળે છે અને ચૌધરી આદિવાસી સમુદાયની સ્ત્રીઓમાં પણ 75.08 ટકા સાક્ષરતા જોવા મળે છે. તેવી જ રીતે ચૌધરા, ગામિત, આદિવાસી સ્ત્રીઓમાં પણ પુરુષોની તુલનાએ સાક્ષરતા દર ઉંચો જોવા મળે છે. જ્યારે સૌથી ઓછી સાક્ષરાતમાં કોળી સમુદાયની સ્ત્રીઓમાં 30.05 સાક્ષરતા છે તે રીતે ક્રમશઃ જોતાં પઢાર, વાઘરી, રાઠવા, પારાધી આદિવાસી સમુદાયોની સ્ત્રીઓમાં પણ પુરુષોની તુલનાએ ઓછી સાક્ષરતા જોવા મળે છે.

વસ્તીની દૃષ્ટિએ અક્ષરજ્ઞાન ધરાવતા સમુદાયોમાં આદિવાસીઓમાં સૌથી વધુ વસ્તી ભીલ સમુદાયની 12,25,098 છે તેમાં 7,99,120 પુરુષોની તુલનાએ 4,25,978 સ્ત્રીઓ સાક્ષર છે એટલે કે અહીં અડધા ભાગ ઉપરાંત સ્ત્રીઓ જ સાક્ષર છે. ત્યારબાદ ધોડિયા, હળપતિ, ગામિત, રાઠવા, ચૌધરી, કોંકણા, નાયકડા, ધાણકા, વારલી, પટેલિયા, કુણબી કોળી આદિવાસી સમુદાયોની વસ્તી ક્રમશઃ મહત્તમ જોવા મળે છે. જ્યારે ઓછી વસ્તી ધરાવતા સમુદાયોમાં પોમલા, ભરવાડ, બરડા, ચારણ, ગોંડ, કાથોડી, પારઘી સમુદાયોમાં ઓછું અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તી જોવા મળે છે.

અર્થાત્ આદિવાસી સમુદાયોમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓ અડધા ભાગ ઉપરાંત એટલે કે 59.38 ટકા જ સાક્ષરતા દર જોવા મળે છે. જ્યારે અહીં એ બાબતનો ઉલ્લેખ કરવો ઘટે કે 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ 940 છે. જ્યારે આદિવાસીઓનું જાતિ પ્રમાણ 1000 પુરુષે 991 છે તેમજ ગુજરાતમાં જોઈએ તો જાતિ પ્રમાણ 919 છે જે આદિવાસી સમાજમાં 981 છે. જે આંકડાકીય માહિતી દર્શાવે છે કે સ્ત્રી આદિવાસીઓમાં સાક્ષરતા દર ઓછો હોવા છતાં પણ તેઓના સમાજમાં સ્ત્રીઓનું મહત્તમ પ્રમાણ જોવા મળે છે જે બાબત પરથી ફલિત થાય છે કે સ્ત્રી-પુરુષ અસમાનતાના વસ્તી-વિષયક પ્રમાણના ચિંતાજનક પ્રશ્ન સામે આદિવાસી સમાજમાં સ્ત્રી-

જન્મને મહત્વનું ગણવામાં આવ્યું છે. જે બિન-આદિવાસીઓમાં સ્ત્રીઓના ઓછા પ્રમાણની સામે ઈક્વાલીટી મહત્વની છે એમ જણાય છે.

આદિવાસી સમુદાયોમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોવા અંગેના અનેકવિધ કારણો જોવા મળે છે જેના પરિણામે આદિવાસી સ્ત્રીઓ પરંપરાગત સમયથી જ શિક્ષણ મેળવી શકી ન હોય અને તેઓને અનેકવિધ શૈક્ષણિક સમસ્યાઓનો સામનો તેઓને કરવો પડ્યો છે જે આપણે પ્રવર્તમાન સમાજમાં જોઈ શકીએ છીએ.

**આદિવાસી સમુદાયની સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ** :

આગળ જોયું તેમ આદિવાસી સમુદાયોની સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ભારતમાં અનેકવિધ અભ્યાસોના આધારે ઢેબર કમિશને (1961) ધ્યાન દોર્યું છે કે કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિ, શાળામાં સંચાર માધ્યમોમાં અપૂરતા સાધનો, શિક્ષણના માધ્યમમાં ખામી, અભ્યાસક્રમો અને વાસ્તવિક જીવન વચ્ચેની વિસંગતતા જવાબદાર છે.

આદિવાસી સમુદાયોમાં સ્ત્રીશિક્ષણની સમસ્યાઓ વિકટ છે. આદિવાસી સ્ત્રીઓમાં વૈચારિકતા, જાગૃતિનો અભાવ જોવા મળે છે તેમજ તે શિક્ષણ મેળવી ન શકવાના પરિણામે જાહેરમાં બોલવામાં, બેસવામાં મૂંઝવણ અને લઘુતાગ્રંથિ અનુભવે છે. સ્વતંત્ર નિર્ણય લેવામાં જે હજુય જેના કારણે શક્તિમાન બની નથી.

ગ્રામીણ આદિવાસી વિસ્તારમાં આજે પણ સ્ત્રી શિક્ષણની કક્ષા પુરુષના પ્રમાણમાં નીચી રહી છે. ઘરમાં આ અંગે સવલતો ન હોવાના પરિણામે તેઓ શાળામાંથી રસ ગુમાવી અધવચ્ચેથી શાળા છોડી દે છે. તેમજ સમાજની રૂઢિચુસ્તતા, પરંપરાવાદીપણું, સંકુચિત માનસ પણ તેને માટે જવાબદાર છે અને માતા-પિતા તેઓના કમાણી અર્થે બહાર જતા હોવાથી આવી પરિસ્થિતિમાં નાના ભાઈ-બહેનને સાચવવા છોકરીની જરૂર રહે છે. તેથી તેને આગળ ભણાવતા નથી. આમ અનેકવિધ કારણો આદિવાસી સ્ત્રીઓમાં ઓછા શિક્ષણ માટે જવાબદાર છે. જેની વિગતે ચર્ચા કરીશું.

**1. આદિવાસી સમુદાયનું સામાજિક-સાંસ્કૃતિક માળખું** :

આદિવાસી સમુદાય એ સદીઓથી સભ્ય સમાજથી અલગ વિખૂટા પડી ગયા છે. તેઓની પ્રવૃત્તિ મહદઅંશે જીવન ટકાવી રાખવા કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરે છે

તેમજ આદિવાસીઓના જીવનનિર્વાહની રીત, સામાજિક-સાંસ્કૃતિક માળખું જે ઔપચારિક શિક્ષણને મહત્વ આપતું નથી જેને પરિણામે સ્ત્રી-શિક્ષણ ઓછું જોવા મળે છે.

**2. સમૂહસંચારના માધ્યમોથી વંચિત :**

આદિવાસી વિસ્તારો એ શહેરી સમુદાયથી સીધા સંપર્કમાં નથી. વળી, ગુજરાતમાં આજે એવા કેટલાય વિસ્તારો છે કે જ્યાં રેલ્વે કે બસ વ્યવહાર ઉપલબ્ધ નથી. ત્યાં આવા વિસ્તારમાં પાણી, વીજળી, સંદેશાવ્યવહારના સાધનો સરળતાથી ઉપલબ્ધ નથી તેમજ શિક્ષણના અદ્યતન સાધનો જેવા કે કમ્પ્યૂટર, ઈન્ટરનેટ, ટી.વી. વગેરે માધ્યમોનો ઉપયોગ તેઓ સુધી પહોંચ્યો નથી.

**3. આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોનું ઓછું પ્રમાણ :**

આદિવાસી વિસ્તારમાં જે-તે વિસ્તારના શિક્ષકો જવા તૈયાર હોય છે. બાકીના શિક્ષકો આ વિસ્તારમાં રહેવા માનસિક રીતે તૈયાર હોતા નથી. વળી જેઓ શહેરી શિક્ષિત હોવાના કારણે તેઓની ભાષા, આદિવાસીઓની બોલી અને પુસ્તકોની ભાષા આ ત્રણેય વચ્ચેનો સમન્વય સાધવો ઘણો અઘરો છે. જેને લીધે શિક્ષણ અસરકારક બનતું નથી.

**4. રૂઢિચુસ્ત વિચારસરણી :**

આદિવાસી સમુદાયો પરંપરાગત સમયથી પોતાની પરંપરા, રિવાજો, માન્યતાઓ અંગે રૂઢિચુસ્ત વિચારસરણી ધરાવે છે. જેમાં પણ સ્ત્રી શિક્ષણ માટે વર્ષો સુધી આ સમાજ રૂઢિચુસ્ત વલણ દાખવ્યું છે. તેઓ સ્ત્રી પાસે ઘરકામ, મજૂરીકામ, બાળકોની સારસંભાળ સિવાય કોઈ બાબતને મહત્વની ગણતા નથી.

**5. આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાઓનું અપૂરતું પ્રમાણ :**

આદિવાસી વિસ્તારમાં શાળાઓમાં શૈક્ષણિક સાધનો, શાળાનું વાતાવરણ, શિક્ષકોની અનિયમિતતા બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન નથી કરતા અને એને લીધે ડ્રોપાઉટની સંખ્યા વધુ છે. શાળામાં કોઈ પણ અદ્યતન શિક્ષણના સાધનોની અપૂરતી સુવિધાઓ વગેરે બાબતોમાં શિક્ષણમાં અરૂચિ ઉભી કરે છે.

**6. કૌટુંબિક જવાબદારીઓ :**

આદિવાસી સમુદાયોમાં સ્ત્રીઓ મોટા ભાગે કુટુંબના સભ્યોની દેખરેખ, ઘરના કામકાજ, નાના ભાઈ-બહેનને સંભાળવાની જવાબદારી તેમજ નાની-મોટી છૂટક

મજૂરીઓ વગેરે કામગીરીમાં નાનપણથી જ જોડાયેલ હોવાથી સ્ત્રી શિક્ષણની સમસ્યા તેઓમાં જોવા મળે છે.

**7. નાની વયે લગ્ન :**

આદિવાસી સમૂહોમાં સ્ત્રીઓમાં લગ્ન ખૂબ નાની વયે નિર્ધારિત કરી દેવામાં આવે છે જેથી તેઓની જવાબદારીઓમાં વધારો થાય છે. નાની વયે લગ્ન થવાથી થતા બાળકો અને પોતાનું આરોગ્ય વગેરે અનેકવિધ સમસ્યાઓ પણ સર્જાય છે. જેમ કે ટોડા, ખાસા, કોટા, આદિવાસી સમુદાયોમાં બહુપતિ લગ્નપ્રથા છે જે પ્રથાઓ વચ્ચે સ્ત્રીઓ પોતે શિક્ષણ મેળવી શકતી નથી.

**8. નિરક્ષરતા :**

પરંપરાગત સમયથી જ પછાત સમુદાયોમાં આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું રહ્યું છે અને જેને પરિણામે તેઓમાં શિક્ષણ મેળવવા અંગેનો પ્રશ્ન કથળેલો જોવા મળે છે જે પોતાની આગલી પેઢીને પણ સાક્ષર બનાવી શકતો નથી.

**9. જાગૃતિનો અભાવ :**

આદિવાસી સમુદાયોમાં સ્ત્રી-શિક્ષણ અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે. તેઓને શિક્ષણ મેળવવાથી કયા પ્રકારના લાભ અને ગેરલાભ થાય તે તેઓ જાણતા નથી તેમજ શિક્ષણ વિશેની પ્રાથમિક માહિતી નહીં હોવાથી આ જ્ઞાતિમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે.

**10. ગરીબી :**

પ્રાચીન સમયથી જ પછાત સમૂહોમાં આદિવાસી સમુદાય એ ગરીબ રહ્યો છે જેને પરિણામે તેઓ પોતાનું જીવન ટકાવી રાખવા ઘરના બધા જ નાના-મોટા સભ્યો મજૂરીના કાર્યો કરે છે જે તેઓને શિક્ષણ મેળવવામાં અડચણ ઉભી કરે છે. ગરીબીની પરિસ્થિતિને કારણ એ આદિવાસી સમુદાયના બાળકોને નાની ઉંમરે જ શારીરિક શ્રમ કરવો પડે છે. અને તેથી તેઓને શાળાએ જવાનો સમય પણ રહેતો નથી. તો ઘણા બાળકો એ ગરીબીના કારણે અધવચ્ચેથી જ શાળા છોડવી પડે છે.

**11. સ્થળાંતર :**

આદિવાસીઓમાં સ્થળાંતરનો પ્રશ્ન વધારે જોવા મળે છે કારણ કે આ જ્ઞાતિઓમાં મોટાભાગે આર્થિક બેકારી હોવાથી તેઓએ કામ-ધંધાર્થે ગમે ત્યારે ગમે ત્યાં મજુરી માટે

સ્થળાંતર કરવું પડે છે એટલે કે મોસમી વ્યવસાયોમાં જોડાયેલ હોવાથી કુટંબમાં બાળકોના ભણવા અંગેનો પ્રશ્ન રહે છે. દા.ત. દાહોદ ગામમાં આજીવિકાની તકો નહિવત્ બનતા આજીવિકા માટે અનિચ્છાએ પોતાનું વતન છોડીને સ્થળાંતર કરવું પડે છે. તેવી જ રીતે સાબરકાંઠાના મોડાસામાં બટાકાની ખેતી થાય છે ત્યાં મોટાભાગના આદિવાસીઓ જોવા મળે છે. આવા પ્રકારના સ્થળાંતરના પરિણામે તેઓમાં શિક્ષણનો પ્રશ્ન વિકટ બનતો જતો જોવા મળે છે.

આમ, આદિવાસી સમુદાયોમાં સ્ત્રીઓમાં અનેકવિધ શૈક્ષણિક સમસ્યાઓ જોવા મળે છે જેના પરિણામે સમાજમાં તેઓનું સ્થાન, દરજ્જો, નિમ્ન રહ્યો છે તેમજ તેઓમાં સશક્તિકરણનો અભાવ જોવા મળે છે. એટલે કે અહીં નોંધનીય બાબત છે કે ભારતીય સરકારની શૈક્ષણિક નીતિઓના પરિણામે સ્ત્રીઓના સ્થાન પરિવર્તન આવ્યું છે પરંતુ હજુય આદિવાસી સમુદાયમાં આ પરિવર્તન ખૂબ ધીમી ગતિએ સાંસ્કૃતિક મંદતાના સ્વરૂપે આપી રહ્યું છે એમ ચોક્કસ કહી શકાય.

**અભ્યાસના તારણો અને સૂચનો :**

- ગુજરાતમાં આદિવાસીઓનું પ્રમાણ કુલ વસ્તીના 14.75 ટકા છે. જેમાં દાહોદ જિલ્લો સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો છે. જ્યારે વસ્તીના પ્રમાણની દૃષ્ટિએ ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે. અને ઓછી આદિવાસીઓની વસ્તી ધરાવતો અમરેલી જિલ્લો છે.
- અભ્યાસમાં આદિવાસીઓમાં સ્ત્રી-પુરુષ સાક્ષરતામાં ધોડિયા આદિવાસી સ્ત્રીઓમાં સૌથી મહત્તમ પુરુષોની તુલનાએ શિક્ષણનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ઓછી સાક્ષરતા કોળી સમુદાયની સ્ત્રીઓમાં 30.05 ટકા જ જોવા મળે છે.
- અભ્યાસમાં વસ્તીની દૃષ્ટિએ પુરુષના પ્રમાણમાં અક્ષરજ્ઞાન ધરાવતા સમુદાયોમાં સૌથી વધુ વસ્તી ભીલ સમુદાયની સ્ત્રીઓની જોવા મળે છે. જ્યારે ઓછી સાક્ષરતા ધરાવતા સમુદાયોમાં પોમલા, ભરવાડ, બરડા, ચારણ વગેરે સમુદાયો જોવા મળે છે.

- આદિવાસી સમુદાયોમાં સ્ત્રી શિક્ષણની સમસ્યાઓમાં રૂઢિવાદી વિચારસરણી, પરંપરા, સંકુચિત માનસ, અપૂરતા સંચારમાધ્યમો, ગરીબી, સ્થળાંતર, નાની વયે લગ્ન, જાગૃતિનો અભાવ વગેરે અનેકવિધ સમસ્યાઓ સ્ત્રી શિક્ષણના ઓછા પ્રમાણ માટે જવાબદાર છે.

**સૂચનો :**

- આદિવાસી સ્ત્રીઓમાં આધુનિકરણ, શહેરીકરણ વગેરે પરિબળોને કારણે પરિવર્તન આવ્યું છે. પરંતુ તે ધીમી ગતિએ જોઈ શકાય છે જે માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, આદિવાસીઓના પોતાના પ્રયત્નોથી સ્ત્રી શિક્ષણમાં વધારો કરી શકાય.
- આદિવાસી વિસ્તારમાં વાહન વ્યવહારની સુવિધાઓ મહત્તમ વિકસાવવી જોઈએ જેથી તેઓ શહેરી સંપર્કમાં રહીને પોતાનો વિકાસ સાધી શકે.
- ગ્રામીણ અને છેવાડાના વિસ્તારોમાં આદિવાસી આશ્રમશાળાઓમાં શૈક્ષણિક અદ્યતન સામગ્રીની સુવિધાઓ કરવી જોઈએ તથા તાલીમબદ્ધ શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ.
- આદિમજાતિની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી તેઓને માતૃભાષાને લક્ષમાં લઈને શિક્ષણ આપવું જોઈએ.
- આદિવાસી સ્ત્રીઓ માટે વિવિધ સેમિનાર, પ્રેરણાદાયી વક્તવ્ય, તજજ્ઞ વ્યક્તિઓ સાથેના પરિસંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે તેમજ નવા હુન્નર ઉદ્યોગોની તાલીમ તેઓને મળી રહે એવા પ્રયત્નો કરવા જોઈએ.
- આદિવાસી વિસ્તારોની કન્યાઓ માટે મફત શિક્ષણ તથા હોસ્ટેલોની સુવિધાઓમાં વધારો કરવો જોઈએ.
- સ્ત્રી શિક્ષણ આપનાર માતા-પિતાને શિક્ષણ અંગે સલાહ માર્ગદર્શન આપવું જોઈએ.
- આદિવાસી સ્ત્રીઓના વિકાસ માટે સ્વયં આદિવાસી સમુદાય, કુટુંબ, સમાજ, સ્ત્રીઓએ પોતે આધુનિક શિક્ષણના મૂલ્યોથી જાગૃત થવું જોઈએ અને પોતાનો વિકાસ સ્વયં સાધવા પ્રયત્નો કરવા જોઈએ.

આમ, આદિવાસી સમુદાયોની સ્ત્રીઓમાં સ્ત્રી શિક્ષણ અંગેની સમસ્યાઓને દૂર કરવા માટે આપણે સૌએ સહિયારા સાથ દ્વારા અનેકવિધ પ્રયત્નો કરવા જોઈએ તેમજ આદિવાસી સ્ત્રીઓમાં સશક્તિકરણ આવે તેઓનો દરજ્જો સમાજમાં બિનઆદિવાસી સ્ત્રીઓના વિકાસની તુલનાએ પહોંચે તે માટેના કાર્યો એ જ એક સમાજનો, રાષ્ટ્રનો અને દેશનો વિકાસ છે.

## સંદર્ભસૂચિ :


- આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર – http://trti.gujarat.gov.in
- ડૉ. જાની ગૌરાંગ – 2012 "ગુજરાત વસ્તી વિશ્લેષણ" કર્મસંઘ, અમદાવાદ
- ડૉ. રાવલ ચંદ્રિકા – 2010 "જેન્ડર અને સમાજ", પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
- ડૉ. વાઘેલા અનિલ – 2015, "પ્રાદેશિક સમાજશાસ્ત્ર", અનડા પ્રકાશન
- વિકાસપથ (2009-10), ગાંધીનગર, માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય
- વિકાસની વાટે (2009-10), ગાંધીનગર, માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય
- ડૉ. શાહ કલ્પના (2000) "સ્ત્રીઓ અને વિકાસ", આર.આર. શેઠ કંપની, અમદાવાદ